**<u>ફોજદારી કેસ નં ૨૮૮૭/૨૦૧૭</u>**

## <u>આંક ૧ હેઠળનો હુકમ</u>

આજ રોજ મુદત છે ફરિયાદી તરફે કોઇ હાજર નથી ફરિયાદી હાજર નથી. કોઇ રિપોર્ટ નથી.આરોપી તરફે કોઇ હાજર નથી. આજરોજ ફરિયાદી તરફે કોઇ હાજર રહેલ નથી અને ફરિયાદીને હાજર રહી આરોપીનુ નવુ સરનામુ રજુ કરવામાં અને કેસ આગળ ચલાવવામાં કોઇ રસ હોય તેવુ જણાઇ આવતુ નથી. સદરહુ કામે ફરિરયાદ ૨૦૧૭ ના સાલની છે આ કામે ફરિયાદી દ્વારા હાજર રહી કેસ ચલાવવા બાબતે આજરોજ કોઇ કાર્યવાહી કરેલ નથી. તેમજ આટલા જુના કેસ બાબતે ફરિયાદીને મુદતમા હાજર રહી કેસ આગળ ચલાવવામા કોઇ રસ હોય તેવુ જણાઇ આવતુ નથી તેથી ફરિયાદ, ફરિયાદીની ગેરહાજરી સબબ ડિસમીસ ફોર ડિફોલ્ટ કરવી યોગ્ય જણાય છે .

ભવાની ટેક્ષટાઇલ મીલ્સ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઇકોર્ટ જજમેન્ટ તા. ૧૮/૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરિયાદી પોતાની ફરિયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરિયાદીની ફરિયાદને ડીસમીસ ફોર ડિફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનુ ઠરાવેલ છે. તથા નામદાર સુપ્રિમ કોર્ટના ક્રિમિનલ અપીલ નં ૭૫૫/૨૦૦૮ એસ. રામાક્રીષ્ન વિરુધ્ધ એસ. રામીરેડ્ડી ના પારા ૧૦ માં જણાવેલ છે કે **"ફરિયાદીની કેસ ચલાવવા બાબતેની કન્ડક્ટ જ્યારે સીઆરપીસી ની કલમ ૨૫૬(૧) તળેની સતા નો ઉપયોગ કરતા હોઇએ એ વખતે મેજીસ્ટ્રેટ દ્વારા ધ્યાનમાં લેવી જરૂરી છે અને કોઇ પણ ફરિયાદને બીનજરૂરી કારણોસર અન્તકાળ સુધી પેન્ડીંગ રાખી શકાય નહી."** આમ સદરહુ ફરિયાદના રેકર્ડને ધ્યાને લેતા તેવુ જણાઇ આવે છે કે આ કામે આરોપીને સમન્સની બજવણી કરવા બાબતેના અસરકારક પગલા ફરિયાદીએ હાથ ધરેલ નથી તેમજ ફરિયાદી કે તેના વિ.શ્રી આજરોજ કોર્ટમાં હાજર પણ રહેલ નથી.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરિયાદીએ ફરિયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્રોસેસની બજવણી સબંધે તેમજ ફરિયાદીની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા સબંધે કોઇ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરિયાદીની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા

સંજોગોમાં હાલની ફરિયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

**ફરિયાદીની ગેરહાજરી સબબ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને આરોપીને નિર્દોષ ઠરાવી મુકવાનો આદેશ કરવામાં આવે છે. આજ રોજ ખુલ્લી અદાલતમાં ઠરાવ જાહેર કર્યો.**

રાજકોટ
તા. ૧૧/૦૩/૨૦૨૬

(મોહમદમકસુદ મોહમદઈકબાલ શેખ)
૧૬માં અધિક ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
રાજકોટ.
**UIC NO**. જીજે૦૧૨૯૪